

સિનિ. પી.આઈ. બી.એ. ચાવડાને નાયબ પોલીસ અધિક્ષક તરીકે બઢતી મળતા અને બનાસકાંઠા જિલ્લા ખાતે બદલી થતા તેમના સેકટર-૨૧ પોલીસ સ્ટેશનના કાર્યકાળ દરમિયાન સ્ટાફ તથા વિસ્તારના નાગરીકો સાથે સાંધેલી આત્મીયતાના સંબંધોને પગલે પોલીસ સ્ટેશન ખાતે વિદાય સમારંભ રાખવામાં આવ્યો હતો. વિદાય સમારંભમાં એએસપી કરણરાજ વાઘેલા, પી.આઈ. વાય.એમ. મિશ્રા, પેથાપુર પીએસઆઈ ડી.બી. વાળા તથા પોલીસ સ્ટેશનનો સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતાં.

## દારૂ પકડાયો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હતો. ત્યાર બાદ આજે બપોરના અરસામાં ઈન્કમટેક્ષ પોલીસને જાણ કરી હતી કે આ ફાર્મમાં દારૂ-બિયરનો મોટો જથ્થો ભરેલો છે. જેને આધારે સાંતેજ પી.આઈ. બી.એન. દવે તેમની ટીમ સાથે ફાર્મમાં ગયા હતા અને ભોંયરામાં બનાવેલા ગોડાઉનમાં તપાસ કરતાં ૭૬૯ નંગ બિયરના ટીન અને ૧૯ નંગ વિદેશી દારૂની બોટલો મળી આવી હતી. રૂ. ૧,૦૭,૮૯૦નો દારૂ-બિયર જપ્ત કરીને પહેરેદાર ભેરૂ કેરૂ જાદવની પોલીસે ધરપકડ કરી લીધી છે. ફાર્મની જગ્યાની તપાસ કરતાં એસેલરીઝ ટેકનોલોજી લીમીટેડના નામે ફાર્મ હોવાનું ધ્યાને આવ્યું છે. જેનો માલીક અર્જુન હાંડા હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે. પોલીસે પકડેલા પહેરાદર ભેરૂએ હાસ્યાસ્પદ નિવેદન આપ્યું છે કે માલીક જ્યારે આવે ત્યારે પાર્ટી કરવા ચાલે તે માટે સ્ટોક રાખતા હતા અને તાજેતરમાં આઠેક દિવસ પહેલા જ માલીક આવીને ગયા હતા. પી.આઈ. બી.એન. દવેના જણાવ્યા પ્રમાણે પકડાયેલા દારૂ-બિયરના જથ્થામાંથી મોટાભાગનો માલ એક્ષપાયર્ડ ડેટેડ થઈ ચુકેલો છે. સાંતેજ પોલીસે ગુનો નોંધીને ઝીણવટભરી તપાસ શરૂ કરી છે.

## વૃક્ષો યથાવત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ધરાવતા વૃક્ષો પણ નગરજનો માટે ભયજનક બન્યા છે. ત્યારે વન તંત્ર કક્ષાએથી પણ નાગરિકોની ફરિયાદોનુ સમયસર નિરાકરણ ન આવતા હરિયાળીનો સોથ વાળતા દ્રશ્યો નજરે પડી રહયા છે. મુખ્ય માર્ગોની આસપાસ પણ નમી પડેલા વૃક્ષો ગમે ત્યારે અકસ્માતનુ કારણ બને તેમ છે. વન વિભાગની મંદ કામગીરીના લીધે નગરજનોએ પારાવાર હાલાકી વેઠવી પડે છે. કેટલાક ઠેકાણે હરિયાળી ખતરારૂપ બની છે. બીજીતરફ શહેરની ફુટપાથ પર વૃક્ષો હજુ પણ આડશ બનેલા જોવા મળે છે. ઘ-૫ થી સર્કીટ હાઉસ તરફના માર્ગ પર પણ વૃક્ષોની સાથે ફુટપાથના મુળિયા પણ ઉખડી ગયા છે. સેકટરોના એપ્રાચ માર્ગ પર પણ આવી જ સ્થિતિ છે.

ફુટપાથ પર ઠેર ઠેર વૃક્ષોના તુટેલા થડીયાઓ પથરાયેલા યથાવત છે. જયારે નમીને ઉભેલા ભયજનક વૃક્ષો દુર કરવામાં પણ વન વિભાગનુ તંત્ર હરકતમાં આવ્યુ નથી આવા સંજોગોમાં મેઘરાજા ફરિ એકવાર મુડમાં આવે તો નુકશાનની સાથે જાનહાનિ થવાની પણ શકયતા નકારી શકાઈ તેમ નથી.


**સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ**

(ગુજરાત સરકારનું સંપૂર્ણ માલિકીનું સાહસ)

**ઈ-ટેન્ડર જાહેર નિવિદા નં. ૩ સને ૨૦૧૫-૧૬**

સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ ગાંધીનગરની વડી કચેરી દ્વારા નીચે જણાવેલ કામો માટે ઈ-ટેન્ડરથી ભાવો મંગાવવામાં આવે છે.

| અનુ નં. | કામની વિગત | અંદાજીત રકમ ટેન્ડર ફી | બાનાની રકમ |
|---|---|---|---|
| ૧ | સરદાર સરોવર નર્મદા નિગમ લિ. બ્લોક-૧૨, ૩જો માળ, સચિવાલય, ગાંધીનગર, જમણી સાઈટ સ્ટેચ્યુ ઓફ યુનિટી કાર્યાલયના ફર્નિચરના કામો કરવા અંગે | રૂ. ૩૯.૨૦ લાખ ૧૫૦૦/- | ૩૯,૩૦૦/- |

૧. ટેન્ડર દસ્તાવેજો-પ્રાઈસ બીડ ડાઉનલોડ કરવાની છેલ્લી તા. ૨૫/૮/૨૦૧૫ ૧૮-૦૦ કલાક સુધી
૨. ટેન્ડર ફી રોકડા તથા બાનાની રકમનો ડીડી સરદાર સરોવર નર્મદા લી. નામનો તથા ડોક્યુમેન્ટ રૂબરૂ રજૂ કરવાની છેલ્લી તા. ૨૬/૮/૨૦૧૫ ૧૧-૦૦ થી ૧૬-૦૦ કલાક સુધી
૩. ટેન્ડર ડોક્યુમેન્ટ વેરીફીકેશન કરવા અંગેની તા. ૨૬/૮/૨૦૧૫ ૧૬-૦૦ કલાકે (શક્ય હશે તો) વધુ વિગતો માટે ઉક્ત કચેરીનો સંપર્ક કરવો. ટેન્ડર ડાઉનલોડ/અપલોડ કરવા તા. ૪/૮/૨૦૧૫ના રોજ http://www.ssnnl.nprocure.com વેબસાઈટ પર મુકવામાં આવેલ છે.

માહિતી/૧૧૧૬/૨૦૧૫-૧૬ www.sardar sarovardam.org


# પડતર ખાતાકીય તપાસના કેસોના નિરાકરણ માટે લોક અદાલત પદ્ધતિ અપનાવાશે

ગાંધીનગર, તા. ૮

રાજ્ય સરકારના વિવિધ વિભાગોમાં પડતર ખાતાકીય અને પ્રાથમિક તપાસના કેસોના ઝડપી નિરાકરણ માટે લોક અદાલત જેવી પદ્ધતિ હાથ ધરવાની દિશામાં કાર્યવાહી કરવા વિભાગોને સૂચનાઓ આપવામાં આવી હોવાનું જાણવા મળે છે.

સામાન્ય વહીવટ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્ય સરકારના વિવિધ વિભાગોમાં કેટલાક આક્ષેપીત અધિકારીઓ કર્મચારીઓ સામે ખાતાકીય અને પ્રાથમિક તપાસો ચાલે છે.

તાજેતરમાંજ વિભાગોમાં પડતર ખાતાકીય અને પ્રાથમિક તપાસના કેસોની સમીક્ષા હાથ ધરવામાં આવી હતી. આ સમીક્ષા દરમ્યાન સરકારના ધ્યાન પર એવું આવ્યું હતું કે કેટલાક વિભાગોમાં ખાતાકીય અને પ્રાથમિક તપાસના કેસો લાંબા સમયથી પડતર છે તો કેટલાક વિભાગોમાં આવા પડતર કેસોની સંખ્યા ઘણી મોટી છે.

આથી વિભાગોમાં મોટી સંખ્યામાં આવા પ્રાથમિક અને ખાતાકીય તપાસના જે કેસો પડતર છે તે કેસોમાં ઘટાડો કરવા અને ઝડપી નિરાકરણ આવે તે માટે વિભાગો દ્વારા લોક અદાલત જેવી પદ્ધતિ અપનાવીને આવા કેસોનો ઝડપી નિરાકરણ કરવાની દિશામાં કાર્યવાહી કરવા માટે સંબંધીત તમામ વિભાગોને સૂચનાઓ આપવામાં આવી હોવાનું જાણવા મળે છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ મહેસૂલ સિંચાઈ વિભાગ સહીતના કેટલાક વિભાગોમાં પ્રાથમિક અને ખાતાકીય તપાસના પડતર કેસોની સંખ્યા મોટા પ્રમાણ હોઈ છે એટલુ જ નહી કેટલાક વિભાગમાં તો આવા કેસો એક થી બે વર્ષ કરતાં વધુ સમયથી પડતર હોવાનું પણ સરકારના ધ્યાન પર આવવા પામ્યું હોવાનું જાણવા મળે છે.


**દુકાન ભાડે આપવાની છે**

૨૦૦ ફુટ ગ્રાઉન્ડ ફ્લોર,
અડાલજ સ્વાગત સીટી

**નિરજભાઈ**

મો. ૯૪૨૮૧ ૨૦૦૬૪
મો. ૯૨૨૮૨ ૦૧૫૪૭

ભાડુ ૪૫૦૦-૫૦૦૦ રૂપિયા


## લાડકવાયો ખોયો

● અનુસંધાન બીજાનું ચાલુ

બાળકો ગીલ્લી દંડા રમી રહ્યા હતા. આ દરમ્યાન ગીલ્લી આ વીજબોક્સ પાસે જઈને પડી હતી. ગીલ્લી લેવા ગયેલ આશરે ૯ વર્ષીય વનરાજ દંતાણીએ ખુલ્લા બોક્સમાં સીલ્વર કલરના ચળકતા વાયરો જોઈ કુતુહલતાવશ નજીક જઈને જોવા પ્રયાસ કર્યો હતો તે દરમ્યાન તેને અચાનક વીજ કરંટ લાગતા તેનું અડધુ શરીર અંદર ખેંચાઈ ગયું હતું. આ દશ્ય જોઈ બાકીના બાળકોએ બુમાબુમ કરી મુકી હતી તેથી ઝુંપડામાંથી એક શ્રમજીવી વિજયભાઈ તથા તેમના પત્નિ પિન્કીબેન દોડી આવ્યા હતા અને લાકડીઓ વડે વનરાજને બહાર કાઢ્યો હતો. વનરાજને તુરંત જ સારવાર માટે સિવિલ હોસ્પિટલ લઈ જવાયો હતો જ્યાં ફરજ પરના ડૉક્ટરે તપાસીને મૃત જાહેર કરતા શ્રમજીવીઓ તેને લઈને પરત ફર્યા હતા તેમજ તેની અંતિમ ક્રિયા હાથ ધરી હતી.

લગભગ પાંચેક દિવસ બાદ આ ઘટનાની જાણ કડી શિક્ષણ સંકુલના કેમ્પસ ડાયરેક્ટર ડૉ. સોમભાઈ પટેલને થતા તેમણે આ બાબતની લેખિત જાણ ટોરેન્ટ કંપનીના મેનેજર જિજ્ઞેશ માંડલિયાને કરી હતી. ટોરેન્ટ કંપનીની અક્ષમ્ય બેદરકારીથી ગરીબ મા-બાપે તેમની આંખનું રતન ગુમાવ્યું હોવા છતાં કંપની તરફથી કોઈ પણ પ્રકારની સંવેદના કે સહાનુભૂતિ વ્યક્ત કરવામાં આવ્યો નથી. ઘાતક વીજ બોક્સને ટોરેન્ટ કંપની દ્વારા નવા નક્કોર બે તાળા લગાવી 'ઘોડો છુટી ગયા બાદ તબેલાને તાળા'ની જેમ વીજ કંપનીના સત્તાધિશોએ ઘટના પર ઢાંકપિછોડો કરવા પ્રયત્ન કર્યો છે.

બાળકની જાનહાનિના બદલામાં આર્થિક વળતર ચુકવવાની માંગણી સાથે ડૉ. સોમભાઈના વડપણ હેઠળ આજે ૪૦ જેટલા શ્રમજીવીઓ અને બાળકના પિતા રોહિત દંતાણી માતા સંગીતાબેન વગેરે ટોરેન્ટ કંપની પર પહોંચ્યા હતા. ટોરેન્ટ કંપનીના પગથીયાં પર આશરે અડધો કલાક મૌન પ્રદર્શન કર્યા બાદ તમામે કંપનીના મેનેજર જીજ્ઞેશ માંડલિયાનો સંપર્ક સાધવા પ્રયાસ કર્યો હતો પરંતુ તેઓ રજા પર હોવાનું માલુમ પડ્યું હતું. અંતે ફરજ પરના ઈન્ચાર્જ અધિકારી સમક્ષ ઉગ્ર રજૂઆતો કરતા તેમણે મેનેજર જીજ્ઞેશભાઈ સાથે ફોન પર ચર્ચા કરી હતી અને તમામ શ્રમજીવીઓને મેનેજર સાહેબે મંગળવારે સવારે ૧૦ વાગે ફરી આવવા જણાવ્યું હોવાનું કહ્યુ હતું. આ સાથે તેમણે મંગળવારે વળતર બાબતે નિર્ણય લેવાશે તેવી હૈયાધારણ આપી તમામને વિદાય કરતા મામલો થાળે પડ્યો હતો. પરંતુ મૃતકના પરિવાર સહિત સમગ્ર શ્રણજીવીવર્ગમાં ઘેરા આઘાતની લાગણી ફેલાવા પામી છે.

# સોમનાથ મંદિરે પવિત્ર શ્રાવણની ઉજવણી માટે તૈયારીઓ

| | |
|---|---|
| ૬.૦૦ | પ્રાતઃ મહાપુજન પ્રારંભ |
| ૭.૦૦ | પ્રાતઃ પ્રાતઃઆરતી (૭.૦૦ થી ૭.૧૫) |
| ૭.૩૦ | પ્રાતઃ સવાલક્ષ બિલ્વાર્ચન પ્રારંભ |

**બિલ્વાર્ચન પ્રારંભ - સવારે ૭.૩૦ થી ૧૦.૪૫**

**બિલ્વાર્ચન પ્રારંભ - મધ્યાન્હ ૧૨.૩૦ થી ૧૪.૩૦**

| | |
|---|---|
| ૯.૦૦ | સવારે યાત્રીકો દ્વારા નોંધાયેલ રૂદ્રપાઠ ઇત્યાદિ વિધિ પ્રારંભ |
| ૧૧.૦૦ | મધ્યાન્હ મહાપૂજા-મહાપૂજન-મહારુદ્ર અભિષેક |
| ૧૨.૦૦ | મધ્યાન્હ મધ્યાન્હ આરતી (૧૨ થી ૧૨.૧૫) |
| ૫.૦૦ | શાયં શૃંગાર દર્શન-દિપમાળા |
| ૭.૦૦ | શાયંઆરતિ (૭.૦૦ થી ૭.૨૦) |

**શૃંગાર દર્શન સમય શાયં ૫.૦૦ થી શાયં ૯.૦૦ સુધી**

| | |
|---|---|
| ૧૦.૦૦ | રાત્રે મંદિર બંધ થવાનો સમય |

**શ્રાવણના રવિવાર-સોમવાર તથા તહેવારના દિવસોમાં મંદિર સવારે ૪.૦૦ વાગ્યે ખુલશે**

**શ્રાવણના સિવાયના દિવસોમાં મંદિર સવારે ૫.૩૦ વાગ્યે ખુલશે**

પ્રથમ આદિ જ્યોતિર્લીંગ ભગવાન શ્રી સોમનાથ મહાદેવના સાનિધ્યમાં પાવન શ્રાવણ માસની ઉજવણી શરૂ થનાર છે. શ્રાવણ મહોત્સવનો પ્રારંભ તા. ૧૫-૮-૧૫ના રોજ થશે અને પુર્ણાહુતી તા. ૧૩-૯-૧૫ થશે. જેમાં સવાલક્ષ બિલ્વપુજા અને મહામૃત્યુંજય મંત્ર જાપયજ્ઞ અને ધ્વજારોહણ તેમજ વિશેષ પુજાવિધીમાં હજારો દેશ-વિદેશના ભાવિકો અને ભક્તજનોએ ઉમળકાભેર જોડાશે. ભાવિકોની ભીડને ધ્યાનમાં રાખી મંદિર દર્શન, આરતિ માટે પરીસરમાં મોટી બે એલઈડી સ્ક્રીન ગોઠવવામાં આવી છે.

શ્રાવણ માસના પ્રથમ દિને ભગવાન સોમનાથજીની પ્રાતઃ પુજા આરતિ બાદ બિલ્વપુજાના યજમાનોને સવાલક્ષ બિલ્વપુજાની સંકલ્પ કરવામાં આવશે. મંદિરની વેબસાઈટ પરથી પૂજાવિધી-ડોનેશન-ગેસ્ટહાઉસ બુકિંગ સાથે લાઈવ દર્શન પણ થઈ શકશે સાથે અતિથિગૃહ રૂમનું એડવાન્સ બુકીંગ પૂજાવિધી અમદાવાદ ખાતેના ટ્રસ્ટના કાર્યાલયથી પણ કરાવી શકાશે. વૃદ્ધો અશક્ત યાત્રીકો માટે ગોલ્ફ કાર્ટ, વ્હીલચેર પાર્કિંગથી સોમનાથ મંદિર સુધી આવવા માટે ઓટો રીક્ષા રાખી વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે. શ્રાવણ માસના ઘસારાને ધ્યાને રાખી વિશેષ પૂજાવિધી, પ્રસાદ કાઉન્ટર, ક્લોકરૂમ, જુતાઘરની વ્યવસ્થા કરવામાં આવી છે.

શ્રાવણ માસમાં દેશ વિદેશથી આવતા યાત્રીકોને ધ્યાને લઈ સોમનાથ મંદિરના સમયમાં શ્રાવણમાસમાં ફેરફાર કરાયો છે, રવિવાર-સોમવાર-શ્રાવણી તહેવારો દરમ્યાન મંદિર સવારે ૪ વાગ્યે ખુલશે અને ૧૦ સુધી ખુલ્લુ રહેશે. શ્રાવણના આ સિવાયના દિવસોમાં મંદિર સવારે ૫.૩૦ થી સાંજે ૧૦ ખુલ્લુ રહેશે. શ્રાવણ માસ દરમ્યાન ગીતામંદિરથી ગોલોકધામ તિર્થ ખાતે શ્રાવણ સુદ-બિજથી શ્રાવણ વદ-અમાસ સુધી હિંડોળા દર્શનનું તેમજ શ્રીકૃષ્ણ ચરણપાદુકા પુજનનું વિશેષ ધાર્મિક આયોજન પણ પ્રથમ વખત જ કરવામાં આવે છે.



શ્રાવણ માસ દરમ્યાન દરરોજ ભગવાન સોમેશ્વરને અલગ અલગ વિશિષ્ટ શ્રૃંગારોથી ૩૦ જેટલા અલગ અલગ શણગાર કરવામાં આવશે. આ શ્રૃંગારના નિયત કરેલ ન્યોછાવર આપી ભક્તજન યજમાન બનવાનો લાભ લઈ શકશે. શ્રાવણ દરમ્યાન ગુજરાત લોકકલા ફાઉન્ડેશનના સહકારથી આવનારા પ્રત્યેક સોમવારે પારંપરીક વિસરતા જતા વાદ્યો તથા લોકસંસ્કૃતિને જાળવી રાખવાના હેતુથી સૌપ્રથમ વખત સોમનાથ મંદિરમાં જુદા જુદા વાદ્યો દ્વારા પ્રત્યેક સોમવારની સાયં આરતી, શિવ-આરાધનાનો કાર્યક્રમ યોજાશે.

તા. ૧૭-૮ (પ્રથમ સોમવાર) પોલીસ બેન્ડ જુનાગઢ દ્વારા સાયં આરતિ

તા. ૨૪-૮ (દ્વિતિય સોમવાર) જાંજ ડાકલા ગૃપ - સાયં આરતિ

તા. ૩૧-૮ (તૃતિય સોમવાર) રાવણહથ્થા કલાવૃંદના ગોપાલભાઈ બારોટ તથા કલાવૃંદ - સાયં આરતિ

તા. ૭-૯ (ચતુર્થ સોમવાર) ભુંગળ, ભજન તથા ઢોલ ત્રાસા-ગૃપ પોરગામ અમદાવાદ - સાયંઆરતિ


સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના નેતૃત્ત્વમાં

**ગતિશીલ ગુજરાત સરકારનો વનવાસી બાંધવો માટે દેશભરમાં સૌ પ્રથમવાર અભૂતપૂર્વ નિર્ણય**





| પહેલાં | હવે |
|---|---|
| • વન વસાહતીઓના કબજામાં રહેલ જમીન પરત્વેના હક્કો આપવા અંગે કોઇ સ્પષ્ટ કાર્યપદ્ધતિ ન હતી | • દેશમાં સૌ પ્રથમવાર વન અધિકાર માન્યતા ધારો-૨૦૦૬ અંતર્ગત સ્પષ્ટ કાર્યપદ્ધતિ સાથે વન વસાહતીઓને જમીન પરત્વે કાયદેસરના કબજા હક્ક આપવાનો ગુજરાત સરકારનો અભૂતપૂર્વ નિર્ણય |
| • મહેસૂલી ગામોના દરજ્જા બાબતે છૂટક છૂટક કાર્યવાહી કરવામાં આવતી હતી | • તમામ વન વસાહતી ગામોને મહેસૂલી ગામો અથવા તેના ભાગ તરીકે સમાવિષ્ટ કરાયાં |
| • વન વિસ્તારમાં સમાવિષ્ટ વન વસાહતી પરા/વિસ્તારોને મહેસૂલી ગામોનો દરજ્જો મળતો ન હતો કે મહેસૂલી ગામોનો ભાગ ગણતા ન હતા | • વન વસાહતી પરા/વિસ્તારોને મહેસૂલી ગામોનો દરજ્જો મળશે અથવા યથાપ્રસંગ આવા પરા/વિસ્તારો મહેસૂલી ગામોનો ભાગ ગણાશે |
| • વન વસાહતી ગામોના રહેવાસીઓને વન અધિકાર અધિનિયમ નીચે જમીનના માત્ર કબજેદાર ગણવામાં આવતા હતા, તેઓને કોઇ સનદ આપવામાં આવતી ન હતી | • વન વસાહતોના રહેવાસીઓને જમીનના કબજેદાર તરીકેની નકશા સાથે સનદ આપવામાં આવશે |
| • ગામ નમુના નં. ૭/૧૨, ૮-અ કે ૬ (હક્ક પત્રક) જેવા મહેસૂલી રેકર્ડમાં જમીનના કબજા અંગે કોઇ નોંધ રાખવામાં આવતી ન હતી | • તમામ મહેસૂલી રેકર્ડમાં ઉત્તરોત્તર નોંધ પાડવામાં આવશે |
| • મહેસૂલી રેકર્ડમાં કબજેદાર તરીકે કુટુંબના વડા તરીકે માત્ર પુરૂષનું નામ લખવામાં આવતું | • પરિણીત હોય તો મહેસૂલી રેકર્ડમાં મહિલા/પુરૂષ બંનેનું નામ લખવાનું રહેશે, તેવી જોગવાઇ કરાઇ |
| • વન વસાહતી ગામોના રહેવાસીઓને માત્ર કેટલીક સરકારી યોજનાઓનો જ લાભ મળતો હતો. સહકારી મંડળીઓ કે બેંક મારફત ધિરાણ મેળવી શકતા ન હતા | • વન વસાહતી ખેડૂતોને મળનારી તમામ સરકારી યોજનાઓનો લાભ મળશે તથા સહકારી મંડળીઓ કે બેંક મારફત ધિરાણ પણ મેળવી શકશે |
| • કબજામાં રહેલ જમીનની કોઇપણ પ્રકારે તબદીલી થઇ શકતી ન હતી | • કબજામાં રહેલ જમીનની વારસાગત રીતે તબદીલી કરી શકાશે તથા તેની રેવન્યુ રેકર્ડમાં નોંધ પણ કરવામાં આવશે |

"વનવાસી વિસ્તારો અને વનવાસી સમુદાયો સુધી વિકાસની નવતર આબોહવાનું નિર્માણ થયું છે, શિક્ષણ, રોજગારી, આર્થિક ઉન્નતિ અને સામાજિક ઉત્થાનની અનેકવિધ યોજનાઓ દ્વારા આદિવાસી સમુદાય વિકાસની મુખ્ય ધારામાં આવ્યો છે."

-શ્રીમતી આનંદીબેન પટેલ
મુખ્યમંત્રી

**ગુજરાત સરકારની ઐતિહાસિક પહેલ**

વન વસાહતી ગામોમાં ૭૫ થી વધુ ખાતેદારો હોય તેવા ૧૯૬ ગામોને મહેસૂલી દરજ્જો

માહિતી ૨૦૧૫-૧૬ (૯૮૧)

Visit http://www.gujaratinformation.net www.facebook.com/gujaratinformation.official www.twitter.com/infogujarat